


આ કાર્યક્રમ અંતર્ગત વૈશ્વિક વિદ્યાર્થી સમુદાય માટે ગુણવત્તાયુક્ત શૈક્ષણિક શિક્ષણનો અનુભવ મેળવવા માટે ભારતની મુખ્ય એનએએસી અને એનઆઈઆરએફ માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ એક સાથે જોડાઈ છે.

## ભારતમાં અભ્યાસ

શિક્ષણ મંત્રાલય હેઠળ એક મુખ્ય પ્રોજેક્ટ– 'સ્ટડી ઇન ઇન્ડિયા'ને આંતરરાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ભારતને પુનઃસ્થાપિત કરવા માટે EdCILદ્વારા અમલમાં મૂકવામાં આવ્યું છે.

ભારતે વિશ્વના સૌથી મોટા ઉચ્ચ શિક્ષણ નેટવર્ક તરીકે સ્થાન મેળવતાં, સ્ટડી ઇન ઇન્ડિયાનો હેતુ બ્રાન્ડ–નિર્માણ અને માર્કેટિંગ કેમ્પેન દ્વારા વૈશ્વિક વિદ્યાર્થી સમુદાયને ભારતમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સગવડ આપવાનો અને પ્રોત્સાહિત કરવાનો છે.

## ટેકનિકલ સપોર્ટ ગ્રુપ્સ (TSG)

આ વર્ટિકલ MOEને સમગ્ર દેશમાં અનેક મોટા પ્રોજેક્ટ્સના અમલીકરણમાં ટેકનિકલ અને લોજિસ્ટિકલ સહાય પૂરી પાડે છે. ઉદાહરણ તરીકે સમગ્ર શિક્ષા, મધ્યાહન –ભોજન, ટીચર એજ્યુકેશન, HESPIS, NMEICT, NLMA NPIU વગેરે.



નાણાકીય વર્ષ 2020 દરમિયાન કંપનીએ 328 કરોડનું પ્રભાવશાળી ટર્નઓવર નોંધાવ્યું હતું. જે 2016 પછીથી તેની આવકના ચાર ગણાથી વધુ વૃદ્ધિ પામ્યું છે. નાણાકીય વર્ષ 2014-15 માં PBT 7.10 કરોડથી વધીને પછીના ગાળામાં 56.19 કરોડ થયું છે.










Education • Innovation • Transformation

EdCIL (ઈન્ડિયા) લિમિટેડ
(મીની રત્ન કેટેગરી–1 સીપીએસઇ, ભારત સરકાર)

EdCIL હાઉસ, 18 એ, સેક્ટર–16એ, નોઈડા–201301
ઇપીએબીએક્સ: 0120-4156001-02, 4154003, 2970206-07 । ફેક્સ: 0120-2970209
વેબસાઇટ: www.edcilinida.co.in । ઇમેઇલ: edcilsupport@edcil.co.in

Education • Innovation • Transformation




# પરિવર્તન શિક્ષણનું. પરિવર્તન ભારતનું.

## EdCIL (ઈન્ડિયા) લિમિટેડ

(મીની રત્ન કેટેગરી–1 સીપીએસઇ, ભારત સરકાર)

ISO 9001:2015 & 14001:2015 સર્ટિફાઇડ કંપની



## વિઝન

"શિક્ષણ અને માનવ સંસાધનનાં ક્ષેત્રમાં નોંધનીય બદલાવ લાવવા માટે કુશળતા, સેવાઓ અને નવીન સમાધાન પ્રદાન કરનારી એક ઉચ્ચ પ્રતિષ્ઠિત કન્સલ્ટન્સી અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ ઓર્ગેનાઇજેશન બનવું".

## મિશન

"ઉચ્ચતમ કાર્યક્ષમતા અને નૈતિક ધોરણો સાથે સ્થાનિક અને વૈશ્વિક ગ્રાહકોને નવીન અને તકનીકી રીતે ઉત્તમ સેવાઓ આપીને શિક્ષણ અને માનવ સંસાધનના ક્ષેત્રમાં પરિવર્તનકારી સુધારાઓ લાવવા તેમજ શિક્ષણ ક્ષેત્રના અગ્રણી નિયોક્તા બનવું."

## EdCIL, પરિચય

EdCIL એ શિક્ષણ મંત્રાલય (એમઓઇ) ના વહીવટી નિયંત્રણ હેઠળનું મિનિ રત્ન કેટેગરી-1 નું સીપીએસઇ છે જે સમગ્ર એજ્યુકેશન એન્ડ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ (શિક્ષણ અને માનવ સંસાધન વિકાસ) વેલ્યુ ચેઇનમાં પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને કન્સલ્ટન્સી સેવાઓ પ્રદાન કરે છે.


1981માં તેની સ્થાપના પછીથી EdCIL કેન્દ્ર/રાજ્ય સરકાર, મોરિશિયસ સરકાર, પીએસયુ, અને આઇઆઇટી, આઇઆઇએમ, કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય સહિત સ્વાયત્ત સંસ્થાઓ માટે વ્યાપક શિક્ષણ પ્રોજેક્ટ સંબંધિત સેવાઓનું વિસ્તૃતીકરણ કરી રહી છે. EdCILએ કેટલાક અર્લી ડિજિટલ લર્નિંગ પ્રોગ્રામ (EDLP) હેઠળ મોરેશિયસના સ્કૂલના વિદ્યાર્થીઓને 54000 ઇ-ટેબ્લેટ્સ પૂરા પાડવા માટે 24 મિલિયન ડોલરના ઓર્ડર સહિત ઘણા શિક્ષણ કેન્દ્રિત પ્રોજેક્ટ્સ મેળવ્યા છે.

EdCILએ વૈશ્વિક સ્તરે ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વર્ષ 2018 માં સ્ટડી ઇન ઇન્ડિયા પ્રોગ્રામની શરૂઆત કરી. EdCIL છેલ્લાં ત્રણ વર્ષથી પરીક્ષા પે ચર્ચા જેવા કાર્યક્રમો સફળતાપૂર્વક ચલાવી રહી છે જ્યાં માનનીય વડાપ્રધાન વિદ્યાર્થીઓને સીધું સંબોધન કરે છે ઉપરાંત એમઓઇની વિવિધ શિક્ષણ પહેલના પ્રમોશન માટે સોશિયલ મીડિયા અભિયાન પણ ચલાવે છે.









## નીચેના ક્ષેત્રોમાં તાજેતરમાં કંપની તેની સેવાઓ આપી રહી છે:

### ઓનલાઇન ટેસ્ટિંગ એન્ડ એસેસમેન્ટ સર્વિસિસ (OTAS)

આ ક્ષેત્ર વિવિધ કેન્દ્રિય/રાજ્ય સરકાર તેમજ શાળાઓમાં શિક્ષકો અને આચાર્યો સહિત પીએસયુ અને સ્વાયત સંસ્થાઓના કર્મચારીઓની ભરતી માટે ઓનલાઇન પરીક્ષાઓનું આયોજન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે EDCIL નું સૌથી મોટું વર્ટિકલ છે જેને ક્લાયન્ટ્સ તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. EdCIL એ અત્યાર સુધીમાં 09 મિલિયન ઉમેદવારો માટે ઓનલાઇન ટેસ્ટ લીધા છે.

### એજ્યુકેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સર્વિસિસ (EIS)

આ વર્ટિકલ સંપૂર્ણ પીએમસી એટલે કે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી, ગ્રીન ફીલ્ડ મોડમાં સ્કૂલ અને ઉચ્ચ શિક્ષણનું માળખું સ્થાપવા માટે ગ્રાહકોને ટર્નકી (સર્વ સમાવેશક) સેવાઓ, વ્યવસાયિક શિક્ષણ માટેના સર્વિસ સોલ્યુશન્સ, સ્કૂલોમાં વિજ્ઞાન પ્રયોગશાળાની સ્થાપના અને ઉચ્ચતર શિક્ષણમાં સંશોધન પ્રયોગશાળાઓ પૂરી પાડે છે.

આ વર્ટીકલ દ્વારા પરીક્ષા પે ચર્ચા, ધ્રુવા જેવા કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવે છે અને તે સોશિયલ મીડિયા સેવાઓ પણ પ્રદાન કરે છે.

### ડિજિટલ એજ્યુકેશન સર્વિસીસ (DES)

ડિજિટલ શિક્ષણ ભારતની એજ્યુકેશન સિસ્ટમમાં/શિક્ષણ પ્રણાલીમાં ઝડપથી પ્રવેશ કરી રહ્યું છે અને પરંપરાગત ક્લાસરૂમનું સ્થાન લઈ રહ્યું છે. ટેકનોલોજી સંચાલિત શિક્ષણ મિકેનિઝ્મ્સ કોઈપણ સમયે શીખવાની તક આપે છે. ડિજિટલ એજ્યુકેશન શીખનારને તેના માળખાના કેન્દ્રમાં રાખે છે અને અંતિમ પરિણામને ધ્યાનમાં રાખીને વ્યક્તિગત વિકાસ માટે તેને અથવા તેણીને સશક્ત બનાવે છે.

એડસીઆઈએલ (ઈન્ડિયા) લિ. તે મુજબ શિક્ષણ ઇકો-સિસ્ટમ માટે અસરદાર અને વિસ્તારી શકાય તેવા સમાધાન પ્રદાન કરીને તમામ નવી તકનીકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
મુખ્ય સેવાઓ:
1. ઇ-ટેબ્લેટ ક્લાસરૂમ લર્નિંગ
2. નેક્સ્ટ-જેન ડિજિટલ ક્લાસરૂમ
3. ઇન્ટરેક્ટિવ ડિજિટલ બોર્ડ
4. ડિજિટલ સ્માર્ટ કેમ્પસ સોલ્યુશન્સ
5. ઇ-લર્નિંગ પ્લેટફોર્મ એન્ડ ઇન્ટરેક્ટિવ ડિજિટલ કન્ટેન્ટ
6. વર્ચ્યુઅલ/ટેલી ક્લાસરૂમ સોલ્યુશન્સ
7.યુનિવર્સિટી અને સ્કૂલ માટે આઇટી ઈનેબલ્ડ એપ્લિકેશન (ERP)
8. ક્લાઉડ હોસ્ટિંગ સર્વિસિસ
9. સેન લર્નર્સ માટે લર્નિંગ સોલ્યુશન્સ

DES પાસે સમગ્ર દેશમાં તથા આંતરરાષ્ટ્રીય બજારમાં સ્માર્ટ ક્લાસરૂમ સમાધાનનો અમલ કરવા માટેનું વિશાળ માળખું અને અનુભવ છે.

### એડવાઇઝરી સર્વિસિસ (AS)

આ વર્ટિકલ ભારત અને વિદેશ બંનેમાં શિક્ષણ ક્ષેત્રે કસ્ટમાઇઝ્ડ એડવાઇઝરી સોલ્યુશન્સ આપવાની સેવાઓ સાથે સંકળાયેલ છે. તે ડીપીઆર (ડીટેઇલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ્સ) ફોર્મ્યુલેશન, સ્ટ્રેટેજી સ્ટડીઝ, ઇમ્પેક્ટ સ્ટડીઝ અને ઇન્ટરવેન્શન એજ્યુકેશનની રચના, આઈડેંટિફિકેશન ટ્રેનીંગ, એચઆર ઇન્ટરવેન્શન સ્ટડીઝ, વગેરે સેવાઓ પૂરી પાડે છે.

### એજ્યુકેશનલ પ્રોક્યોરમેન્ટ સર્વિસિસ (EPS)

આ વર્ટિકલ TCO (માલિકીની કુલ કિંમત) ના આધારે આઇટી ઉપકરણો, ફર્નિચર, લેબ ઉપકરણો, દૃષ્ય-શ્રાવ્ય સહાય વગેરેની સંપૂર્ણ ડિઝાઇન, પ્રાપ્તિ અને એએમસીની સેવાઓ પૂરી પાડે છે.



### ઓવરસીઝ એજ્યુકેશન સર્વિસિસ (OES)

"કંપનીનું OES વર્ટિકલ વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશમાં સહાય અને વિદેશી સંસ્થાઓ માટે ભારતીય શિક્ષકો પ્રદાન કરવા જેવી વિદેશી શિક્ષણ સેવાઓ પણ પ્રદાન કરે છે.

